**Media Coverage**

**Tata Power distributes water purifier in 42 schools during their Science Fair organized at Mandvi, Gujarat**

Akila

# ટાટા પાવર દ્વારા મુંદ્રામાં વિજ્ઞાન મેળો યોજાયો

## શાળાના બાળકો અને સ્ટાફને પીવાનું શુદ્ધ પાણી પૂરૂ પાડવા માટે માંડવી વિસ્તારની ૪૨ શાળાઓમાં ૨૨૧ ટાટા સ્વેચ વોટર પ્યુરીફાયરનું વિતરણ

મુંબઈ, તા. ૬ : ભારતની સૌથી સુસંકલિત પાવર કંપની ટાટા પાવરે તે જે વિસ્તારોમાં કામ કરે છે તે વિસ્તારોમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પ્રદાન કરીને એક અનોખી પહેલ કરી રહી છે. બ્લોક રીસોર્સ સેન્ટર, માંડવીનાં સહયોગથી (ગુજરાત સરકારના સર્વ શિક્ષા અભિયાન હેઠળ), ટાટા પાવરની સંપૂર્ણ માલિકીની પેટા કંપની સીજીપીએલ દ્વારા બે દિવસના મેગા સાયન્સ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન માંડવી અને મુંદ્રાનાં ધારાસભ્ય શ્રી તારાચંદ જગ્સી છેડાએ કર્યુ હતું. શાળાના બાળકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે હેતુથી ૪૨ શાળાઓના પ્રતિનિધિઓને ૨૨૧ ટાટા સ્વેચ વોટર પ્યુરીફાયરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સીજીપીએલ દ્વારા શિક્ષણ તેની કામગીરીની આસપાસના વિસ્તારમાં જીવનધોરણમાં સુધારો અને સરકાર દ્વારા અમલમાં મુકાતા વિવિધ કાર્યક્રમોમાં વર્તાતી ઊણપ પૂરી કરવા માટે ઘનિષ્ટ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોતાની કટીબદ્ધતા અનુસાર સીજીપીએલ દ્વારા વિજ્ઞાનપ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામેલ થઈને વિદ્યાર્થીઓએ આરોગ્ય, પર્યાવરણ, ટેકનોલોજી અને બ્રહ્માંડને લગતા વિવિધ મોડલ્સ તૈયાર કર્યા હતા.

૨૫૦ વિદ્યાર્થીઓએ કૃષિ અને બાગાયત, ટપક સિંચાઈ, પર્યાવરણ અને આરોગ્ય, પવનચક્કી, કચરામાંથી વીજળીનું ઉત્પાદન, સોલર કુકર અને હીટર, ઉર્જાનો સ્રોત, વરસાદી પાણીનો સંગ્રહ, પૂર નિયંત્રણ અને ભૂકંપ, ગ્રીનહાઉસ ગેસ, એમીસન્સ, ગ્લોબલ વોર્મીંગ, સૌર ઉર્જાનો ઉપયોગ, આયુર્વેદિક થેરાપી, કુપોષણ અંગે શિક્ષણ, લીલા શાકભાજી અને ફળનું મહત્વ દર્શાવતા અલગ અલગ ૭૫ મોડેલ તૈયાર કર્યા હતા.

આ સમારંભ દરમ્યાન શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમની પણ રજૂઆત કરી હતી. આ પ્રયાસ અંગે વાત કરતા સીજીપીએલના ઈડી અને સીઈઓ શ્રી કે. કે. શર્માએ જણાવ્યું હતું કે સીજીપીએલ હંમેશા આ વિસ્તારનું શિક્ષણનું સ્તર સુધારવા માટે કટીબદ્ધ છે. અમે દ્રઢપણે માનીએ છીએ કે દેશનું ભાવિ ગણાતા આ વિસ્તારના યુવકોની જીવનશૈલીમાં સુધારા માટે શિક્ષણ એ પરિવર્તન લાવવાનો એક માત્ર ઉપાય છે. આ પ્રસંગે અમે આ પ્રયાસમાં સહયોગ આપીને ભારે ઉત્સાહપૂર્વક સહભાગી થવા બદલ શાળાના આચાર્યો તથા વિદ્યાર્થીઓના આભારી છીએ. આ સમારંભમાં ચંદુભાઈ વૈદ્ય (ચેરમેન, માંડવી બ્લોક પંચાયત), સુરેશભાઈ સંગાર (ચેરમેન, જીલ્લા આરોગ્ય સમિતિ), કલ્યાણભાઈ ગઢવી (નાયબ ચેરમેન, માંડવી બ્લોક પંચાયત), શ્રીમતી રેખાબેન દવે (માંડવી બ્લોક પંચાયતના સભ્ય), અશ્વિનભાઈ પટેલ (લાયઝન ઓફીસર, માંડવી), શ્રીમતી પ્રેમાબેન પટેલ - સરપંચ (મસ્કા પંચાયત), શ્રીમતી મમતાબેન ભટ્ટ (બ્લોક કો-ઓર્ડીનેટર - શિક્ષણ, ગુજરાત સરકાર, માંડવી) નો સમાવેશ થાય છે. ઉદઘાટન પ્રવચન દરમ્યાન આ જાણીતા મહાનુભવોએ સીજીપીએલની ટીમ દ્વારા કરાયેલા પ્રયાસો અને શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રે થઈ રહેલી કામગીરીની ભારે પ્રસંશા કરી હતી. (૩૭.૩)

Kutchh Mitra

# માંડવી વિસ્તારની ૪૨ શાળામાં ૨૨૧ પાણી શુદ્ધ કરતા યંત્રો ભેટ અપાયાં

## ટાટા પાવર દ્વારા મુંદરામાં વિજ્ઞાન મેળો યોજાયો : છાત્રો દ્વારા કૃતિ રજૂ કરાઇ

મુંદરા, તા. ૬ : બ્લોક રિસોર્સ સેન્ટર-માંડવીના સહયોગથી (ગુજરાત સરકારના સર્વ શિક્ષા અભિયાન હેઠળ) ટાટા પાવરની સંપૂર્ણ માલિકીની પેટા કંપની સીજીપીએલ દ્વારા બે દિવસનો મેગા સાયન્સ ફેર યોજાયો હતો જેનું ઉદ્ઘાટન માંડવીના ધારાસભ્ય તારાચંદ છેડાએ કર્યું હતું. શાળાના બાળકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે હેતુથી ૪૨ શાળાઓના પ્રતિનિધિઓને ૨૨૧ ટાટા સ્વેચ વોટર પ્યુરીફાયરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સીજીપીએલ દ્વારા શિક્ષણ, તેની કામગીરીની આસપાસના વિસ્તારમાં જીવનધોરણમાં સુધારો અને સરકાર દ્વારા અમલમાં મૂકાતા વિવિધ કાર્યક્રમોમાં વર્તાતી ઊણપ પૂરી કરવા માટે ઘનિષ્ટ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોતાની કટિબદ્ધતા અનુસાર સીજીપીએલ દ્વારા વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સામેલ થઇને વિદ્યાર્થીઓએ આરોગ્ય, પર્યાવરણ, ટેકનોલોજી અને બ્રહ્માંડને લગતા વિવિધ મોડલ્સ તૈયાર કર્યા હતા.

૨૫૦ વિદ્યાર્થીઓએ કૃષિ અને બાગાયત, ટપક સિંચાઇ, પર્યાવરણ અને આરોગ્ય, પવનચક્કી, કચરામાંથી વીજળીનું ઉત્પાદન, સોલર કુકર અને હીટર, ઊર્જાનો સ્રોત, વરસાદી પાણીનો સંગ્રહ, પૂર નિયંત્રણ અને ભૂકંપ, ગ્રીનહાઉસ ગેસ, એમીસન્સ, ગ્લોબલ વોર્મિંગ, સૌરઊર્જાનો ઉપયોગ, આયુર્વેદિક થેરાપી, કુપોષણ અંગે શિક્ષણ, લીલા શાકભાજી અને ફળનું મહત્ત્વ દર્શાવતા અલગ-અલગ ૭૫ મોડલ તૈયાર કર્યા હતા. આ સમારંભ દરમ્યાન શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમની પણ રજૂઆત કરી હતી.

આ પ્રયાસ અંગે વાત કરતાં સીજીપીએલનાં ઇડી અને સીઇઓ કે. કે. શર્માએ જણાવ્યું હતું કે, 'સીજીપીએલ હંમેશાં આ વિસ્તારનું શિક્ષણનું સ્તર સુધારવા માટે કટિબદ્ધ છે. દેશનું ભાવિ ગણાતા આ વિસ્તારના યુવકોની જીવનશૈલીમાં સુધારા માટે શિક્ષણ એ પરિવર્તન લાવવાનો એકમાત્ર ઉપાય છે.

આ સમારંભમાં ચંદુભાઇ વાડિયા (ચેરમેન-માંડવી તા. પંચાયત), સુરેશભાઇ સંગાર (ચેરમેન-જિલ્લા આરોગ્ય સમિતિ), કલ્યાણભાઇ ગઢવી (નાયબ ચેરમેન-માંડવી બ્લોક પંચાયત), રેખાબેન દવે (માંડવી બ્લોક પંચાયતના સભ્ય), અશ્વિનભાઇ પટેલ (લાયઝન ઓફિસર-માંડવી), પ્રેમાબેન પટેલ (સરપંચ-મસ્કા પંચાયત), મમતાબેન ભટ્ટ (બ્લોક કો-ઓર્ડિનેટર-શિક્ષણ, ગુજરાત સરકાર, માંડવી) હાજર રહ્યા હતા. પ્રવચન દરમ્યાન મહાનુભવોએ સીજીપીએલની ટીમ દ્વારા કરાયેલા પ્રયાસો અને શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રે થઇ રહેલી કામગીરીની પ્રશંસા કરી હતી.

Phulchhab

# તાતા પાવર દ્વારા મુંદ્રામાં વિજ્ઞાનમેળો યોજાયો

અમદાવાદ, તા.૧૮ : તાતા પાવરનો પ્લાન્ટ જ્યાં કાર્યરત છે ત્યાં આસપાસના વિસ્તારમાં બાળકોને ગુણવતાયુક્ત શિક્ષણ પૂરૂં પાડવા માટે તાતા પાવરે તેની સંપૂર્ણ માલિકીની પેટા કંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) મારફતે ગુજરાતમાં મુંદ્રા ખાતે વિજ્ઞાન મેળો યોજાયો હતો.

૧૭૦થી વધુ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. ધોરણ ૬ થી ૮ના ૪૨ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં બે દિવસની વર્કશોપ માટે પસંદ કરાયા હતાં. વિજ્ઞાન મેળાનું ઉદ્દઘાટન ટુંડા વંધ ગામના નાયબ સરપંચ મંડાભાઇ રબારીએ કર્યું હતું. અન્ય સમુદાયોના અગ્રણીઓ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો અને બાળકો હાજર રહ્યા હતાં.

બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મેળા દરમિયાન તેમણે કરેલા મોડલ્સ અંગે ઉત્સાહથી માહિતી પૂરી પાડી હતી. બાળકોએ પ્રકાશ, મેગ્નેટીક ફિલ્ડ, માનવ શરીર, સમતોલન, સુક્ષ્મદર્શક યંત્રો, દિવસ-રાતનું ચક્ર, ચંદ્રના વિવિધ તબક્કા અને વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો દર્શાવતા પ્રોજેક્ટસ અને પ્રયોગો મહેમાનો સમક્ષ રજૂ કર્યા હતાં. વિજ્ઞાન મેળાને અંતે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કંપનીએ 'કેમ્પ ગેલેલિયો'નું આયોજન કર્યું હતું. જેમાં બાળકો અને ગ્રામવાસીઓએ તારા, ગ્રહો અને ચંદ્રનું દૂરબીનથી નિરિક્ષણ કર્યું હતું. ગ્રામવાસીઓ, વાલીઓ અને શાળાની વહીવટી સમિતિના સભ્યોએ આ પ્રયાસને ખૂબ જ બિરદાવ્યો હતો.

Sandesh

# મુન્દ્રાના વિજ્ઞાન મેળામાં બાળ વૈજ્ઞાનિકોએ ૭૫ કૃતિ તૈયાર કરી

મુન્દ્રા, તા.૬

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મુન્દ્રામાં બે દિવસીય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

માંડવી-મુન્દ્રા મત વિસ્તારના ધારાસભ્યના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે વિજ્ઞાન મેળાને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, ત્યારબાદ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ કૃષિ અને બાગાયત, ટપક સિંચાઈ, પર્યાવરણ, આરોગ્ય, પવનચક્કી, કચરામાંથી વીજળીનું ઉત્પાદન, સોલર કૂકર, હીટર, ઉર્જાનો સ્રોત, વરસાદી પાણીનો સંગ્રહ, પૂર નિયંત્રણ અને ભૂકંપ, ગ્રીન હાઉસ ગેસ, એમિસન્સ, ગ્લોબલ વોર્મિંગ, સૌર ઉર્જાનો ઉપયોગ, આયુર્વેદિક થેરાપી, કુપોષણ અંગે શિક્ષણ ઉપરાંત લીલા શાકભાજી અને ફળનું મહત્ત્વ દર્શાવતા અલગ-અલગ ૭૫ જેટલી કૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. સમારંભ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. કે.કે. શર્માએ દેશનું ભાવિ ગણાતા યુવકોનું સ્તર સુધારવા માટે શિક્ષણમાં પરિવર્તન લાવવા પર ભાર મુક્યો હતો. શાળાના બાળકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ૨૨૧ વોટર પ્યુરિફાયરનું વિતરણ કરાયું હતું.